કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૬૮૯૫

તા. ૨૭/૧૨/૨૦૧૬

પ્રતિ,
આચાર્ય / આચર્યાશ્રી,
યાદીમુજબ

**વિષય :-** ફર્સ્ટ એઈડ દવા અંગે નાંણા ફાળવવા બાબત.

**સંદર્ભ :-** પત્ર નંબર :- ૬૨૯૨, તારીખ :- ૦૮/૧૨/૨૦૧૬.

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓના આચાર્ય / આચર્યાશ્રીઓને જાણાવવાનું કે, મે. ના. શિ. નિયામકશ્રી પ્રા. શિ. નિયામકશ્રીની કચેરી ગાંધીનગરના પત્ર નં. પ્રાશિનિ/ ચ – ૧ / ફર્સ્ટ એઈડ / નગર / ૧૬-૧૭ / ૬૩૫૩ – ૬૪૧૫, તા. ૨૯/૦૭/૨૦૧૬ બાબતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને શાળા સમયદરમ્યાન ઇજા કે આકાસ્મિત સંબંધી સમસ્યાઓ ઉભી થાય તેવા સંજોગમાં પ્રાથમિક સારવારની સવલનો અંગેની દવાઓ સાધનો માટે આયોજના હેઠળ પ્રાથમિક શાળાઓ માટે શાળા દીઠ રૂ. ૫૦૦/- જે તે શાળાનાં આચાર્યાને હવાલે ( ફાળવવા ) સૂચના આંપી છે. જેથી આ ખર્ચ સને. ૨૦૧૬ – ૧૭ વર્ષમાં તા. ૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં ખર્ચ કરવો. તે રીતે તેનું આયોજન જે તે શાળાના આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

વધુમાં આદવાઓની ખરીદી સ્થાનિક વિક્રેતા પાસેથી કરી શકાશે. જે અંગેની ખરીદી સરકારનાં મેડીકલ બોર્ડ અથવા સરકાર માન્ય સંસ્થાઓ ધ્વારા પ્રમાણિત કે માન્ય થયેલ સાધન સામગ્રીનો જ ખરીદવાનો સમાવેશ કરવાનો રહેશે. શાળા દીઠ ઠરાવેલ રૂ. ૫૦૦/- કરતાં કોઇ પણ સંજોગોમાં વધુ ખર્ચ થવો જોઇએ નહિ. ઉપરોકત સંદર્ભ પત્ર નંબર :- ૬૨૯૨, તારીખ :- ૦૮/૧૨/૨૦૧૬ અંગે જાણાવતા તમારે તારીખ :- ૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં આ ખર્ચ કરવો. તે રીતનું આયોજન શાળાના આચાર્યએ કરવાનું રહેશે. આ સાથે સારવાર પેટીમાં આવતી પૂરક સાધન સામગ્રીની યાદી નીચે જાણાવેલ છે. ખરીદેલ દવાની એક્ષપાઇડની મુદત ધ્યાને રાખવી દવાના વપરાશ માટે પેરીસીએબલ રજીસ્ટરમાં ( વપરાશ ) રજીસ્ટર નિભાવવાનું રહેશે. આ રકમ સરકારશ્રીની ગ્રાન્ટને પાત્ર હોવાથી તેનાં વપરાશ તેમજ તેનાં અસલ બીલો ઓડિટમાં રજૂ કરવાના હોવાથી શાળાના દફતરે રાખવા અને તેની ઝેરોક્ષ અત્રેની કચેરીમાં રજુ કરવી અને રજીસ્ટરમાં બીટ નિરીક્ષકશ્રીની સહી લેવી. જેની આ અંગેના નાંણા શાળાના આચાર્યશ્રીના એકાઉન્ટમાં ફાળવવામાં આવેલ છે. જેની નોંધ લેશો.

## ફર્સ્ટ એઈડ બોક્ષમાં પૂરક સાધન – સામગ્રીની વિગત.

| ક્રમ | આઈટમનું નામ | ઉપયોગ |
|---|---|---|
| ૧ | સિલ્વર સલ્ફાડાયાઝીન | દાઝ્યા પરનો મલમ |
| ૨ | બેન્ડ એઈડ | |
| ૩ | ઓલર બેન્ડેજ (૫ સેમી X ૫ મીટર ) | |
| ૪ | સ્ટરીલાઈઝડ કોટન વુલ ( એબસોર્બન્ટ ) ૧૫ ગ્રામ | જખમ સાફ કરવા માટે |
| ૫ | સિઝર એસ. એસ. ૭ સે.મી. | |
| ૬ | ટેબલેટ પેરાસીટામોલ | સામાન્ય તાવ, માથાનાં દુખાવા માટે |
| ૭ | ટ્રાઈએન્ગ્યુલર બેન્ડઝ | ગુમડા પર લગાવવા. |
| ૮ | સેફટી પીન | |
| ૯ | એબસોર્બન્ટ ગોઝ ( ૭.૫ સે.મી. X ૭ મી. ) | ગ્લોઝ પહેરીને ડ્રેસીંગ કરવું |
| ૧૦ | એડહેસીવ પ્લાસ્ટર ( ૨.૫ સે.મી. X ૫ મી. ) | પટી લગાવવા |
| ૧૧ | એન્ટીસેપ્ટિક સોલ્યુશન ( પ્રોવીડોન આયોડીન ) | વાગ્યા છોલાયા પર લગાવવા માટે |
| ૧૨ | કલોરોમાયસેટીન આઈ એપ્લીકેપ | આંખ આવેલ હોય તેના માટે |

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.